# આચાર્ય શ્રી મલયગિરિ અને તેમનું શબ્દાનુશાસન

आगमदुर्गमपदसंशयादितापो विलीयते विदुषाम् ।
यद्वचनचन्दनरसैर्मलयगिरिः स जयति यथार्थः ।।

—आचार्य श्रीक्षेमकीर्तिसूरिः ।।

પ્રસ્તુત સંક્ષિપ્ત લેખમાં આગમજ્ઞમુકુટમણિ સમર્થ ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિકૃત શબ્દાનુશાસન—વ્યાકરણનો પરિચય કરાવવામાં આવે છે. આ૦ શ્રી મલયગિરિએ સંખ્યાબંધ જૈન આગમો, પ્રકરણો અને ગ્રંથો ઉપર ટીકાઓની રચના કરી છે; પરંતુ તેમની જો સ્વતંત્ર ગ્રંથરચના કોઈ હોય તો તે માત્ર પ્રસ્તુત સ્વોપજ્ઞવૃત્તિ સહિત શબ્દાનુશાસન ગ્રંથ જ છે.

શ્રી મલયગિરિસૂરિ, કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યના વિદ્યાસાધનસમયના સહચર હતા. તેમના પ્રત્યે તેઓશ્રીનું એટલું બહુમાન હતું કે તેમણે પોતાની આવશ્યકસૂત્ર ઉપરની વૃત્તિમાં ભગવાન શ્રી હેમચંદ્રને तथा चाहुः स्तुतिषु गुरवः (આવ૦ વૃત્તિ, પત્ર ૧૧) એ શબ્દોથી ગુરુ તરીકેના હાર્દિક પ્રેમથી સંબોધ્યા છે.

આ૦ શ્રી મલયગિરિએ **મલયગિરિશબ્દાનુશાસન**ની રચના કરવા છતાં આપણે તેઓશ્રીને આ૦ શ્રી હેમચંદ્રની જેમ વૈયાકરણાચાર્ય તરીકે સંબોધી કે ઓળખાવી શકીએ તેમ નથી. એ રીતે તો આપણે તેઓશ્રીને જૈન પરિભાષા પ્રમાણે આગમિક કે સૈદ્ધાંતિક યુગપ્રધાન આચાર્ય તરીકે ઓળખાવીએ એ જ વધારે ગૌરવરૂપ અને ઘટમાન વસ્તુ છે. સિદ્ધાંતસાગરમાં રાતદિવસ ઝીલનાર એ મહાપુરુષે વ્યાકરણના જેવા કિલષ્ટ અને વિષમ વિષયને હાથમાં ધર્યો એ હકીકત હરકોઈને મુગ્ધ કરી દે તેવી જ છે.

સમર્થ વૈયાકરણાચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રે જે જમાનામાં સાંગોપાંગ સપાદલક્ષ શબ્દાનુશાસન વ્યાકરણગ્રંથની રચના કરી હોય એ જ જમાનામાં અને એ સમર્થ વ્યાકરણની રચના થઈ ગયા બાદ તરતમાં જ આચાર્ય શ્રી મલયગિરિ નવીન શબ્દાનુશાસન ગ્રંથના નિર્માણ માટે પ્રયત્ન કરે કે હિમ્મત કરે એ વાત પ્રથમ દૃષ્ટિએ આપણને સંકોચકારક તો જરૂર લાગે છે; તેમ છતાં આપણને આથી એક એવું અનુમાન કરવાનું કારણ મળે છે કે આ૦ શ્રી મલયગિરિએ, ભ૦ હેમચંદ્ર જેવા પોતાના મુરબ્બીના સર્વતોમુખી પાંડિત્યથી મુગ્ધ થઈ અને કુતૂહલવૃત્તિથી પ્રેરાઈને આ શબ્દાનુશાસનગ્રંથની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના કરી હશે; અથવા તેઓશ્રીના જીવનમાં જરૂર કોઈ એવું પ્રેરણાદાયી કારણ ઉત્પન્ન થયું હશે, જેથી પ્રેરાઈને તેમણે આ વ્યાકરણગ્રંથની રચનાનું કાર્ય હાથ ધર્યું હશે.

શ્રી મલયગિરિએ પોતાની વ્યાકરણરચનામાં સંજ્ઞાપ્રકરણ આદિ પ્રત્યેક વસ્તુ માટે શાકટાયન, ચાંદ્ર વગેરે પ્રાચીન વ્યાકરણોને જરૂર લક્ષ્યમાં રાખ્યાં જ હશે, તેમ છતાં તેમણે પોતાની વ્યાકરણ-રચનાના મુખ્ય કેન્દ્રસ્થાન તરીકે ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યના સ્વોપજ્ઞ બૃહદ્‌વૃત્તિ સહિત સિદ્ધહેમશબ્દા-નુશાસનને જ રાખેલું છે. જેમ ભગવાન હેમચંદ્ર વ્યાકરણના પ્રારંભમાં सिद्धिः स्याद्वादात् અને लोकात् એ સૂત્રો ગૂંથ્યાં છે, તે જ રીતે શ્રી મલયગિરિએ પોતાના શબ્દાનુશાસનની શરૂઆત सिद्धिरने-कान्तात् અને लोकाद् वर्णक्रमः સૂત્રોથી જ કરી છે. આ સિવાય શ્રી હેમચંદ્ર અને શ્રી મલયગિરિ એ બન્ને આચાર્યોનાં શબ્દાનુશાસનોમાં સૂત્રોનું લગભગ એટલું બધું સામ્ય છે, જેથી હરકોઈ વિદ્વાન પ્રથમ નજરે ભૂલો જ પડી જાય. અને તેથી જ આજ સુધીમાં મુદ્રિત થયેલ આચાર્ય શ્રી મલયગિરિના ટીકાગ્રંથોમાં આવતાં વ્યાકરણસૂત્રોના અંકો આપવા વગેરેમાં ખૂબ જ ગોટાળો થઈ ગયો છે. કેટલીક વાર એ સૂત્રોને સિદ્ધહેમવ્યાકરણનાં સૂત્રો સમજી અંકો આપવામાં આવ્યા છે, અને કેટલીક વાર પાણિનીય વ્યાકરણનાં સૂત્રો સમજી તેના અંકો આપવામાં આવ્યા છે, જ્યારે કેટલાંક સૂત્રો નહિ મળવાને લીધે તેના સ્થાનનો નિર્દેશ પડતો જ મૂકવામાં આવ્યો છે. આ પ્રમાણે આ બાબતમાં ખૂબ જ ગોટાળો થવા પામ્યો છે; પરંતુ શ્રી મલયગિરિનું શબ્દાનુશાસન જોયા પછી એ ચોક્કસ રીતે જાણી શકાયું છે કે શ્રી મલયગિરિએ પોતાના ટીકાગ્રંથોમાં જે વ્યાકરણસૂત્રો ટાંકયાં છે એ નથી સિદ્ધહેમ-શબ્દાનુશાસનનાં કે નથી પાણિનીય વ્યાકરણનાં કે બીજા કોઈ વ્યાકરણનાં; પરંતુ એ સૂત્રો તેમણે પોતાના મલયગિરિશબ્દાનુશાસનમાંથી જ ટાંકયાં છે.

પ્રસ્તુત મલયગિરિ વ્યાકરણની સ્વોપજ્ઞ વૃત્તિ, એ આચાર્ય હેમચંદ્રના સિદ્ધહેમ વ્યાકરણની બૃહદ્-વૃત્તિનું પ્રતિબિંબ જ છે, એ બન્નેય વૃત્તિઓની તુલના કરવાથી જાણી શકાયું છે. અને એ જ કારણસર આજે મળતી મલયગિરિશબ્દાનુશાસનની હસ્તલિખિત પ્રતિઓ ભારોભાર અશુદ્ધ હોવા છતાં તેનું સંશોધન અને સંપાદન જરાય અશક્ય નથી એમ મેં ખાતરી કરી લીધી છે.

પ્રસ્તુત વ્યાકરણની રચના આ૦ મલયગિરિએ ગૂર્જરેશ્વર પરમાર્હત રાજર્ષિ શ્રી કુમારપાલદેવના રાજ્યઅમલ દરમિયાન કરી છે એ આપણે મલયગિરિશબ્દાનુશાસનના " ख्याते दृश्ये " (કૃદ્‌વૃત્તિ, તૃતીય પાદ, સૂત્ર ૨૨) સૂત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં આવતા " अदहदरातीन् कुमारपालः" એ ઉદાહરણ પરથી સ્પષ્ટ રીતે જાણી શકીએ છીએ. આનો અર્થ એ થયો કે આચાર્ય શ્રી મલયગિરિકૃત જે જે ગ્રંથોમાં પ્રસ્તુત શબ્દાનુશાસનનાં સૂત્રો મળે તે ગ્રંથોની રચના પ્રસ્તુત શબ્દાનુશાસનની રચના બાદની તેમ જ મહારાજા શ્રી કુમારપાલદેવના રાજ્યમાં થયેલી છે. અથવા એમ પણ બન્યું હોય કે શ્રી મલયગિરિએ પોતાના શબ્દાશાસનની મૂલ દ્વાદશાધ્યાયીની રચના ગૂર્જરેશ્વર મહારાજા શ્રી જયસિંહદેવના રાજ્ય દર-મિયાન કરી હોય, તે આધારે પોતાના ટીકાગ્રંથોમાં સૂત્રો ટાંકતા હોય અને શબ્દાનુશાસન ઉપરના સ્વોપજ્ઞ વિવરણનું નિર્માણ તેઓશ્રીએ મહારાજા શ્રી કુમારપાલના રાજ્યમાં કર્યું હોય. એ ગમે તેમ હો, તે છતાં એક વાત તો નિર્વિવાદ જ છે કે શ્રી મલયગિરિએ પોતાના શબ્દાનુશાસન ઉપરની સ્વો-પજ્ઞ વૃત્તિની રચના તો શ્રી કુમારપાલદેવના રાજ્યઅમલ દરમિયાન જ કરેલી છે.

આચાર્ય મલયગિરિકૃત સ્વોપજ્ઞશબ્દાનુશાસનની પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓ આજે ત્રણ જ્ઞાન-ભંડારોમાં છે એમ જાણવામાં આવ્યું છે: ૧. એક પાટણ–વાડીપાર્શ્વનાથ જ્ઞાનભંડારમાં કાગળ ઉપર લખેલી પ્રતિ. ૨. બીજી પાટણ–સંઘવીના પાડાના તાડપત્રીય પુસ્તકભંડારમાં તાડપત્ર ઉપર લખાયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિ. અને ૩. ત્રીજી પૂના–ડેક્કન કોલેજના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટના હસ્તલિખિત પુસ્તકસંગ્રહમાં તાડપત્ર ઉપર લખેલી પ્રતિ. આ સિવાયની બીજી જે જે હસ્તલિખિત પ્રતિઓ જૈન મુનિઓના જ્ઞાનભંડારોમાં જોવામાં તેમ જ સાંભળવામાં આવી છે તે બધીયે, જો હું ન ભૂલતો હોઉં અને નથી જ ભૂલતો તો, પાટણ–વાડીપાર્શ્વનાથના ગ્રંથસંગ્રહની પ્રતિની નકલો જ છે. અને એ પ્રતિઓ ધરાવનાર પૈકી ભાગ્યે જ કોઈ ને ખબર હશે કે એમની એ વ્યાકરણ-પ્રતિ સંપૂર્ણ નહિ પણ અધૂરી જ છે.

ઉપર જણાવેલી ત્રણે પ્રતિઓ પૈકીની એકેય પ્રતિ સંપૂર્ણ નથી, તેમ જ ત્રણે પ્રતિઓ એકઠી કરવામાં આવે તોપણ આ૦ મલયગિરિકૃત શબ્દાનુશાસન પૂર્ણ થાય તેમ નથી.

૧. પાટણ–વાડીપાર્શ્વનાથના ભંડારની પ્રતિ પંચસંધિ, નામ, આખ્યાત અને કૃત્ સુધીની છે. અર્થાત્ આ પ્રતિમાં ચતુષ્કવૃત્તિ, આખ્યાતવૃત્તિ અને કૃદ્વૃત્તિ એમ ત્રણ વૃત્તિના મળી એકંદર ત્રીસ પાદનો સમાવેશ થાય છે. પરંતુ તદ્ધિતવૃત્તિ કે જે અઢાર પાદ જેટલી છે તે આ પ્રતિમાં નથી.

૨. પાટણ–સંઘવીના પાડાની તાડપત્રીય પ્રતિ અતિ ખંડિત છે. એ પ્રતિ, મારા ધારવા પ્રમાણે, લગભગ ૫૦૦ પાનાં જેટલી હોવી જોઈએ, તેને બદલે અત્યારે એનાં માત્ર ૩૩૦ થી ૪૫૬ સુધીનાં જ પાનાં વિદ્યમાન છે અને તેમાં પણ વચમાં વચમાંથી સંખ્યાબંધ પાનાં ગૂમ થયાં છે. તેમ છતાં આ ત્રુટિત પ્રતિ તદ્ધિતવૃત્તિની હોઈ એનું અતિઘણું મહત્ત્વ છે. આ પ્રતિમાં લેખકે આખા ગ્રંથના પત્રાંકો અને દરેક વૃત્તિના વિભાગસૂચક પત્રાંકો એમ બે જાતનાં પત્રાંકો કર્યાં છે. એ રીતે આ પ્રતિના ૩૩૦મા પાનામાં તદ્ધિતવૃત્તિનાં પાનાં તરીકે ૩૫ મો અંક આવ્યો છે. એટલે તદ્ધિતવૃત્તિનો પ્રારંભનો ૩૪ પાનાં જેટલો ભાગ આ પ્રતિમાં નથી. એ ચોત્રીસ પાનાંમાં તદ્ધિતનો લગભગ દોઢ અધ્યાય ગૂમ થયો છે. આ પ્રતિનાં અત્યારે જે ખંડિત પાનાં હયાત છે તેમાં તદ્ધિતના દ્વિતીયાધ્યાય દ્વિતીયપાદના અપૂર્ણ અંશથી શરૂઆત થાય છે અને લગભગ ૪૦૦મા પાના દરમિયાન દશમા પાદની સમાપ્તિ થાય છે. આ પછી થોકબંધ પાનાં ગૂમ થયાં છે. માત્ર પાંચ–દશ જ છૂટક પાનાં છે. આ રીતે સંઘવીના પાડાની પ્રતિ અતિખંડિત હોઈ પાછળનાં આઠ પાદ એમાં છે જ નહિ.

૩. ડેક્કન કોલેજમાંની પ્રતિની તપાસ કરાવવા છતાં હજુ એને અંગેની ચોક્કસ માહિતી મળી શકી નથી કે એ પ્રતિ કેટલી અને ક્યાં સુધીની છે. એ માહિતી મેળવવા માટે પ્રયત્ન ચાલુ જ છે. તેમ છતાં અધૂરી તપાસ પરથી એમ તો ચોક્કસ જાણવા મળ્યું છે કે એ પ્રતિ દ્વારા પણ પ્રસ્તુત શબ્દાનુશાસનની પૂર્ણતા થાય તેમ નથી. ડેક્કન કોલેજની આ પ્રતિ તાડપત્ર ઉપર લખાયેલી અને ખંડિત છે.

પ્રસ્તુત વ્યાકરણ પૂર્ણ ન મળે ત્યાં સુધી આપણે એની સૂત્રસંખ્યા તેમ જ સ્વોપજ્ઞ વૃત્તિનું ચોક્કસ પ્રમાણ જાણી શકીએ તેમ નથી. પરંતુ એની અપૂર્ણ દશામાં પણ તેના અધ્યાય અને પાદસંખ્યાનું પ્રમાણ ચોક્કસ રીતે જાણી શકાય તેમ છે. ખુદ આ૦ શ્રી મલયગિરિએ તદ્ધિતના નવમા પાદના **संख्यायाः पाठसूत्रसङ्घो वा** એ સૂત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં **अष्टावध्यायाः परिमाणमस्य अष्टकं पाणिनीयं सूत्रम् । द्वादशकं मलयगिरीयम्** એ પ્રમાણે જણાવ્યું છે, એને આધારે જાણી શકાય છે કે મલયગિરિશબ્દાનુશાસનની બાર અધ્યાય અને અડતાલીસ પાદમાં સમાપ્તિ થાય છે. જોકે શ્રી મલયગિરિએ, આ૦ શ્રી હેમચંદ્રની માફક, પુષ્પિકામાં અધ્યાય અને પાદની નોંધ વિભાગવાર કરી નથી, તેમ છતાં તેમને એક અધ્યાયના ચાર પાદ જ અભીષ્ટ છે એ, તદ્ધિતવૃત્તિમાં આવતી **इति श्रीमलयगिरिविरचिते शब्दानु-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शासने तद्धिते द्वितीयाध्याये द्वितीयः पादः समाप्तः આ મુજબની પુષ્પિકા અને તે પછી સપ્તમ–અષ્ટમ આદિ પાદોની સમાપ્તિને લગતી પુષ્પિકાઓ આવે છે તેને આધારે નક્કી કરી શકાય છે.

વાડીપાર્શ્વનાથના ભંડારની પ્રતિ કે જે કૃદ્વૃત્તિ સુધી સમાપ્ત છે, તેમાં પાદસંખ્યા આ પ્રમાણે છે: પંચસંધિના પાંચ પાદ, નામના[1] નવ પાદ, આખ્યાતના દશ પાદ અને કૃત્‌ના છ પાદ. આ રીતે પંચસંધિ અને ત્રણ વૃત્તિનાં મળી એકંદર ૩૦ પાદ થાય છે, અર્થાત્ વાડીપાર્શ્વનાથની પ્રતિ અધ્યાય-ના હિસાબે અષ્ટમાધ્યાય દ્વિતીયપાદ પર્યન્તની છે એમ કહી શકાય. આમાં બીજો અઢાર પાદ જેટલો વિભાગ ઉમેરીએ ત્યારે બાર અધ્યાય પ્રમાણ મલયગિરિશબ્દાનુશાસન વ્યાકરણ સંપૂર્ણ બને. સંઘવીના પાડાની ખંડિત તાડપત્રીય પ્રતિના લગભગ ૪૦૦મા પાનામાં इति श्रीमलयगिरिविरचिते शब्दानुशासने तद्धिते दशमः पादः समाप्तः એ પ્રમાણે આવ્યું છે, એટલે તે પછીનાં પાનાંમાં બીજા આઠ પાદ હોવા માટે જરાય શંકાને સ્થાન નથી. અને એ મુજબ આચાર્ય શ્રી મલયગિરિકૃત શબ્દાનુશાસન બાર અધ્યાય અને અડતાલીસ પાદમાં સમાપ્ત થવા વિષે પણ શંકા જેવું કશું જ નથી.

આ૦ શ્રી મલયગિરિએ પોતાના શબ્દાનુશાસન સાથે સંબંધ ધરાવતા સ્વતંત્ર ધાતુપાઠ, ઉણાદિ ગણ આદિની રચના કરી હોય તેમ જણાતું નથી. એમના શબ્દાનુશાસનના અભ્યાસીઓને એ માટે તો અન્ય આચાર્યકૃત ધાતુપાઠ આદિ તરફ જ નજર કરવી પડે તેવું છે.

શ્રી મલયગિરિસૂરિના શબ્દાનુશાસનનો પઠન–પાઠન માટે ખાસ ઉપયોગ થયો હોય તેવું દેખાતું નથી. એ જ કારણ છે કે એની નકલો સિદ્ધહેમ વ્યાકરણની માફક વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થતી નથી. આમ છતાં આચાર્ય શ્રી ક્ષેમકીર્તિએ બૃહત્કલ્પસૂત્રની ટીકાના અનુસંધાનની ઉત્થાનિકામાં शब्दानुशासनादिविश्वविद्यामयज्योतिःपुञ्जपरमाणुघटितमूर्तिभिः श्रीमलयगिरिमुनीन्द्रर्षिपादैर्विवरणकरणमुपचक्रमे આ પ્રમાણે શ્રી મલયગિરિના શબ્દાનુશાસનની ખાસ નોંધ લીધી છે. એ ઉપરથી એમના વ્યાકરણનો વિદ્વાનોમાં અમુક પ્રકારનો વિશિષ્ટ પ્રભાવ તો જરૂર હતો એમાં જરાય શક નથી.

પ્રસ્તુત વ્યાકરણગ્રંથ અપૂર્ણ હોઈ એના અંતની પ્રશસ્તિમાં શ્રી મલયગિરિએ કઈ કઈ ખાસ વસ્તુની નોંધ કરી હશે એ કહી શકાય એમ નથી. તેમ છતાં એની શરૂઆતમાં આવતા एवं कृतमङ्गलविधानः परिपूर्णमल्पग्रंथं लघूपायं आचार्यो मलयगिरिः शब्दानुशासनमारभते આ ઉલ્લેખમાં તેમણે પોતાને આચાર્ય તરીકે ઓળખાવ્યા છે. એ વસ્તુ તદ્દન નવી છે કે જે તેમના બીજા કોઈ ગ્રંથમાંય નોંધાયેલ નથી,

આચાર્ય શ્રી મલયગિરિસૂરિવરના શબ્દાનુશાસનને લગતી આટલી સંક્ષિપ્ત નોંધ લખી આ લેખને અહીં જ સમાપ્ત કરવામાં આવે છે.

આ૦ શ્રીમલયગિરિના જીવનનો સંક્ષિપ્ત છતાં અતિવિશિષ્ટ પરિચય મેળવવા ઇચ્છનારને શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી પ્રસિદ્ધ થએલ सटीकौ शतक–सप्ततिकाख्यौ पञ्चम–षष्ठौ कर्मग्रन्थौની મારી લખેલી ગૂજરાતી પ્રસ્તાવના જોવા ભલામણ છે.

[ 'શ્રી જૈન સત્ય પ્રકાશ', દીપોત્સવી અંક, ભાદરવો–આસો, સં. ૧૯૯૭ ]

---

૧. નામના નવ પાદમાં ષડ્લિંગ, સ્ત્રીપ્રત્યય, કારક અને સમાસપ્રકરણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org